નોટીફાઇડ નદીઓમાંથી ઉદવહન સિંચાઇ
માટે પરવાનગી આપવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સુધારા ઠરાવ ક્રમાક:ડબલ્યુટીઆર/૧૦૮૪/૨૨/પી
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૦૮/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) નર્મદા, જળ સંપતિ, પા. પુ. અને ક. વિભાગનો ઠરાવ ક્રમાંક:ડબલ્યુટીઆર/૧૦૮૪/૨૨/પી, તા.૨૪/૦૨/૧૯૯૫.

સંદર્ભ હેઠળના ઠરાવથી નોટીફાઇડ નદીઓમાંથી ઉદવહન સિંચાઇ માટે લાંબા ગાળાની (મહત્તમ નવ વર્ષ)ની મંજૂરી આપવાની સત્તાઓ, રાજયના વિવિધ ઝોન મુજબ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રીઓને આપવામાં આવી છે. જે અંગે સદર ઠરાવમાં નકકી થયેલ કાર્યપદ્ધતિનાં મુદા ક્રમાંક-૧ માં ઉલ્લેખિત જળાશયના નિયત કમાન્ડનાં પાંચ ટકા સુધી કમાન્ડ વિસ્તારની મર્યાદામાં વધારો કરીને પંદર ટકાની મર્યાદા વધારવા અંગેની બાબતમાં પ્રસ્તુત ઠરાવમાં દર્શાવેલ કાર્ય પદ્ધતિના મુદા (૧) થી (૭) પૈકીના મુદા ક્રમાંક (૧) માં નીચે મુજબનો સુધારો કરવાનું સરકારે નકકી કરેલ છે.

સુધારો:-

| તા.૨૪/૦૨/૧૯૯૫ના ઠરાવની જોગવાઇ. | જોગવાઇમાં કરવામાં આવેલ સુધારો |
|---|---|
| (૧) મોટી અને મધ્યમ કદની સિંચાઇ યોજનાઓની જળાશયની ફ્રીન્જથી પાંચ કિલો મીટરથી ઉપરવાસની લંબાઇમાં ઉદવહન સિંચાઇ યોજનાઓને મંજૂરી આપવાની માંગણી મળે ત્યારે જે તે જળાશયના નિયત કમાન્ડના પાંચ ટકા સુધી કમાન્ડ વિસ્તારની ઉદવહન સિંચાઇ યોજનાઓને પાણીની ઉપલબ્ધી બાબતે વિશેષ ચકાસણી કર્યા સિવાય વિના વિલંબે નીચેની શરતોએ વિભાગનાં તા.૨૦/૦૧/૧૯૯૨ના સરખા ક્રમાંકનાં પરિપત્રમાં જણાવેલ અધીક્ષક ઇજનેરશ્રીઓએ તેમને ફાળવેલ જિલ્લાઓ પૂરતી મંજૂરી આપવાની રહેશે. આ રીતે અગાઉ અપાયેલ અને વિચારણા હેઠળની યોજનાઓનો કુલ વિસ્તાર જે તે મોટી-મધ્યમ સિંચાઇ યોજનાના કમાન્ડના પાંચ ટકાથી વધવો ન જોઇએ તે બાબત ધ્યાનમાં લેવાની રહેશે. | (૧) મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓની જળાશયની ફ્રીન્જથી પાંચ કિલો મીટરથી ઉપરવાસની લંબાઇમાં ઉદવહન સિંચાઇ યોજનાઓને મંજૂરી આપવાની માંગણી મળે ત્યારે જે તે જળાશયના નિયત કમાન્ડના ૧૫ % (પંદર ટકા) સુધી કમાન્ડ વિસ્તારની ઉદવહન સિંચાઇ યોજનાઓને પાણીની ઉપલબ્ધી બાબતે વિશેષ ચકાસણી કર્યા સિવાય વિના વિલંબે નીચેની શરતોએ વિભાગનાં તા.૨૦/૦૧/૧૯૯૨ના સરખા ક્રમાંકનાં પરિપત્રમાં જણાવેલ અધીક્ષક ઇજનેરશ્રીઓએ તેમને ફાળવેલ જિલ્લાઓ પૂરતી મંજૂરી આપવાની રહેશે. આ રીતે અગાઉ અપાયેલ અને વિચારણા હેઠળની યોજનાઓનો કુલ વિસ્તાર જે તે મોટી-મધ્યમ અને નાની સિંચાઇ યોજનાના કમાન્ડના ૧૫ % થી વધવો ન જોઇએ તે બાબત ધ્યાનમાં લેવાની રહેશે. |

ઉપરોકત સુધારાનો ઠરાવ તારીખથી અમલ કરવાનો રહેશે. સંદર્ભમાં દર્શાવેલ તા.૨૪/૦૨/૧૯૯૫ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.ડી.પરમાર)
ઉપ સચિવ(જળ સંપતિ)
નર્મદા,જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પાછળ.....

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી (જળસંપતિ), સ્વતંત્ર હવાલોના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સચિવશ્રી, નર્મદા,જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી, નર્મદા,જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- જળ સંપતિ વિભાગનાં સર્વે અધીક્ષક ઇજનેરશ્રી, *(૨-નકલ) (સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીને અમલવારી અર્થે નકલ પરિપત્રિત કરવા વિનંતી સહ.)*
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી (સિંચાઇ યોજના) અને મુખ્ય માહિતી અધિકારીશ્રી, નર્મદા,જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.